અપીલ અરજી નં.૩૩૩ તા.૧૧–૨–૦૯

અરજદારઃ શ્રી ખીમજીભાઈ સોડાભાઈ સિંગલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ખીમજીભાઈ સોડાભાઈ સિંગલની તા.૯–૧–૦૯ ની અરજીથી મહેકમ વિભાગ તેમજ આરોગ્ય ખાતાના હેલ્થ સેન્ટર તથા મેટરનીટી હોમ અને સ્મીમેર હોસ્પિટલમાં સફાઈ કામદાર (સ્ત્રી/પુરુષ) ની જગ્યા માટે તા.૨૫–૫–૦૪ ના રોજ લેવામાં આવેલ મૌખિક ઈન્ટરવ્યુંમા કેટલા સ્ત્રી તેમજ પુરુષોને નોકરી પર રાખેલ તેમજ નહીં રાખેલ તેના તમામની નામ તેમજ સરનામાંની સંપુર્ણ વિગતવાર માહિતી વિગેરે પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૩/૨૦૦૮–૦૯

શ્રી ખીમજીભાઈ સોડાભાઈ સિંગલની તા.૯–૧–૦૯ ની અરજીથી મહેકમ વિભાગ તેમજ આરોગ્ય ખાતાના હેલ્થ સેન્ટર તથા મેટરનીટી હોમ અને સ્મીમેર હોસ્પિટલમાં સફાઈ કામદાર (સ્ત્રી/પુરુષ) ની જગ્યા માટે તા.૨૫–૫–૦૪ ના રોજ લેવામાં આવેલ મૌખિક ઈન્ટરવ્યુંમા કેટલા સ્ત્રી તેમજ પુરુષોને નોકરી પર રાખેલ તેમજ નહીં રાખેલ તેના તમામની નામ તેમજ સરનામાંની સંપુર્ણ વિગતવાર માહિતી વિગેરે પુરી પાડવા બાબતે પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, તબદીલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૨ તા.૧૯–૨–૦૯ થી ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર હોસ્પિ.) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ડે.કમિશ્નર (પઅનેઈ) મહેકમ વિભાગને તા.૪–૩–૦૯ ના રોજ તબદીલ કરવામાં આવેલ.

અરજદારની તા.૯–૧–૦૯ ની મુળ અરજીમાં મહેકમ વિભાગ તેમજ આરોગ્ય ખાતાના હેલ્થ સેન્ટર તથા મેટરનીટી હોમ અને સ્મીમેર હોસ્પિટલમાં સફાઈ કામદાર (સ્ત્રી/પુરુષ) ની જગ્યા માટે તા.૨૫–૫–૦૪ ના રોજ લેવાયેલ મૌખિક ઈન્ટરવ્યુંમા કેટલા સ્ત્રી તેમજ પુરુષોને નોકરી પર રાખેલ તેમજ નહીં રાખેલ તેના તમામની નામ તેમજ સરનામાંની સંપુર્ણ વિગતવાર માહિતી વિગેરે પુરી પાડવા જણાવેલ. જેના અનુસંધાને અત્રેની કચેરીએ આરટીઆઈની અરજીના નિકાલ માટે ડે.કમિશ્નર (હેઅનેહો) તરફથી પત્ર નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/૫૫ તા.૯–૨–૦૯ મુજબ મોકલેલ નકલ અનુસાર અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાય છે. અરજદારે અપીલ અરજીમાં તા.૩–૨–૯ ના રોજ માહિતી અંગેના નાણા ભરપાઈ થયા હોવા છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવેલ.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૯–૧–૦૯ ની અરજી બાબતે માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/૫૫ તા.૯–૨–૦૯ થી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ખીમજીભાઈ સોડાભાઈ સિંગલ